# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-07-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM : ઘાનાની સંસદને સંબોધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ઘાનાની સંસદને સંબોધન કર્યું હતું. વિદેશની સંસદમાં પ્રધાનમંત્રીનું આ 15મું સંબોધન હતું. પ્રધાનમંત્રીએ ભારતને લોકશાહીની માતા ગણાવીને લોકશાહી વ્યવસ્થામાં ખુલાપણું અને સંવાદનાં મહત્વ પર ભાર મૂક્યો.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, જ્યાં અઢી હજારથી વધુ રાજકીય પક્ષો, 22 સત્તાવાર ભાષાઓ અને હજારો બોલીઓ છે.

પ્રધાનમંત્રીએ ઘાનાના સાંસદોને ભારતની નવી સંસદમાં આમંત્રિત કર્યા, જ્યાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત છે. શ્રી મોદીએ ઘાનાના સાંસદોને વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતને પારિભાષિત કરતી ચર્ચાઓ જોવાનો આગ્રહ કર્યો.

**--------------------------------------------------------------------------------------**

## BES એક્સપો - 2025

**બ્રોડકાસ્ટ એન્જિનિયરીંગ સોસાયટી દ્વારા મીડિયા ટેકનીક અને પ્રસારણ અંગેની આંતરરાષ્ટ્રીય સંમેલન અને એક્સપો 2025 નું નવી દિલ્હી ખાતે આયોજન કરાયું છે. આ સંમેલનમાં મુખ્ય વકતા તરીકે અમેરિકાના માર્ક એટકિને ડિજીટલ મીડિયા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અને ભારતમાં તેમના અનુભવ પર આધારિત વિચારો રજૂ કર્યા. આ પ્રસંગે પ્રસારભારતીના ECO ગૌરવ દ્વિવેદીએ AI આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સને ન માત્ર ટેકનીકલ પણ માનવીયતા સામે પડકાર ગણાવ્યો હતો. તેમણે AI સાથે સંલગ્ન જવાબદાર ચર્ચાની જરૂરિયાત પર ભાર મૂક્યો.**

**તેમણે કહ્યું કે, આજે કોઇપણ કન્ટેન્ટને વૈશ્વિક અને સ્થાનીય સ્તર પર એક સાથે પહોંચાડવાનું સંભવ બન્યું છે. પ્રસારભારતીના અધ્યક્ષ નવીન સેહગલે પ્રસાર ભારતીની OTT સેવા 'વેવ્સ'ની સફળતા પર પ્રાકશ પાડ્યો. 5 મી જુલાઇ સુધી ચાલનાર આ એક્સપોમાં ટેકનિકલ સુત્ર અને નેટવર્કિંગના અવસરનો સમાવેશ કરાયો છે.**

-----------------------------------------------------------------------------------

## ગુજરાત શેરબજારમાં ત્રીજુ રાજ્ય

ગુજરાત શેરબજારમાં એક કરોડથી વધુ રોકાણકાર ધરાવતું ત્રીજું રાજ્ય બન્યું છે. નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ-**NSE**ના ડેટા પ્રમાણે એક કરોડ નોંધાયેલા રોકાણકાર સાથે મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ બાદ ગુજરાત ત્રીજું રાજ્ય બન્યું છે. આ ત્રણેય રાજ્યો મળીને દેશનાં કુલ રોકાણકારોનો 36 ટકા હિસ્સો ધરાવે છે.

એનએસઇના ડેટા પ્રમાણે  મે, 2025 સુધીમાં દેશમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા 11 કરોડ 50 લાખ છે. મે મહિનામાં જ એપ્રિલની સરખામણીમાં નવ ટકા વધારા સાથે વધુ 11 લાખ નવા રોકાણકારો નોંધાયા હતા.

પ્રદેશ પ્રમાણે સૌથી વધુ ચાર કરોડ 20 લાખ રોકાણકારો ઉત્તર ભારતમાં છે, જ્યારે ત્રણ કરોડ 50 લાખ સાથે પશ્ચિમ ભારત બીજા ક્રમે છે.

-----------------------------------------------------------------------------------

## બંધ જળાશયોના રીપેરીંગ

રાજ્યમાં ચાલુ વર્ષે બંધ સલામતી સત્તામંડળના માર્ગદર્શનમાં 501 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ બંધ-જળાશયોના સમારકામની કામગીરી હાથ ધરાશે. જળ સંપત્તિ વિભાગની યાદીમાં જણાવ્યાઅનુસાર આ કામગીરીઓમાં બંધના દરવાજાનું કલર કામ, સ્પિલ વે મરામત, માટી પાળાની મરામત, સુરક્ષા કેબીનના કામ તેમજ બંધ સલામતી સંબંધિત  કાર્યોનો સમાવેશ થાય છે.

જળ સંપત્તિ વિભાગ હેઠળ 19 મોટા, 90 મધ્યમ અને એક હજાર 5 નાના બંધ મળી કુલ એક હજાર 115 બંધ આવેલા છે, જેમાંથી 524 સ્પેસીફાઈડ ડેમ જ્યારે અન્ય વિભાગના 8 સ્પેસીફાઈડ ડેમ છે. આ સ્પેસીફાઈડ ડેમને ડેમ સેફ્ટી એક્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં 699 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ બંધનું સમારકામ અને જાળવણીના કામો કરાયા હતા.

---------------------------------------------------------------------------------

## ધોળાવીરા-સાંતલપુર માર્ગને દ્વિમાર્ગીય બનાવાશે

રાજ્યમાં ધોળાવીરાથી સાંતલપુર સુધીના 106 કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગને 575 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે દ્વિ માર્ગીય કરવાની મંજૂરી અપાઈ છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, આ ભાગ કચ્છના રણને જોડતી એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કડી બનાવે છે.

આ પરિયોજના કચ્છના દૂરના અને શુષ્ક વિસ્તારો તેમજ રાજ્યના બાકીના ભાગોને જોડશે. આ પરિયોજના થકી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરામાં પ્રવાસન પ્રવાહમાં નોંધપાત્ર વધારો થશે. તેમજ કચ્છના ખનિજ અને મીઠા ઉદ્યોગો માટે કોરિડોર બનશે. શ્રી ગડકરીએ ઉમેર્યું કે આ યોજના થકી ટ્રાફિકમાં ઘટાડો થશે, માર્ગ સલામતી વધશે અને વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે.

---------------------------------------------------------------------------------

## વરસાદ

હવામાન વિભાગની હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે ગઇકાલે સવારથી જ ગોરંભાયેલાં વાતાવરણ બાદ સાંજે ભુજ તેમજ આજુબાજુના વિસ્તાર તથા ગાંધીધામમાં ભારે વરસાદી ઝાપટાં વરસ્યા હતા. તો બીજી તરફ ભુજમાંયે મોડી સાંજે વરસાદને પગલે શહેરના બસ સટેશન, જ્યુબિલી ગ્રાઉન્ડ સહિતના નીચાણવાળા વિતારમાં મુખ્ય માર્ગો પર પાણી ભરાયાં હતાં. ગાજવીજના કડાકાભડાકા સાથે ભુજમાં ધીમીધારે વરસાદ ચાલુ રહ્યો હતો.

જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળતી માહિતી અનુસાર આજે સવારના 6 વાગ્યા સુધી ગાંધીધામ તાલકામાં 81 મિ.મિ. વરસાદ નોંધાયો હતો. તો મુન્દ્રા તાલુકામાં 98 મિ.મિ., ભુજ 34 મિમિ, અંજાર 9 મિ.મિ., જ્યારે ભચાઉ તાલુકામાં 4 મિ.મિ. વરસાદ નોંધાયો હતો.

------------------------------------------------------------------------------------------